Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

## શ્રાવણ


પુસ્તક ૭૫ મું
અંક ૧૦
૧૦ મી ઓગષ્ટ

વીર સં. ૨૪૮૫
વિ. સં. ૨૦૧૫
ઈ. સ. ૧૯૫૯


खणमेत्तसोक्खा बहुकालदुक्खा,
पगामदुक्खा अणिगामसोक्खा ।
संसारमोक्खस्स विपक्खभूया,
खाणी अणत्थाण उ कामभोगा ॥

जहा किंपागफलाणं,
परिणामो न सुंदरो
एवं भुत्ताण भोगाणं,
परिणामो न सुंदरो ॥

કામભોગો ક્ષણમાત્ર સુખ આપનારા છે અને લાંબા સમય સુધી દુઃખ આપનારા છે, કામભોગોને મેળવતાં અને ભોગવતાં ય દુઃખ વધારેમાં વધારે છે, જ્યારે સુખ તો નજીવું છે. આ કામભોગો આત્માની પૂર્ણ સ્વતંત્રતાના ભારે શત્રુઓ છે અને અનર્થોની મોટી ખાણ સમાન છે.

કિંપાકનાં ફળો-ઈંદ્રાવણાં-દેખાવમાં ભારે સુંદર હોય છે, પણ તેમને ખાતાં પરિણામ સુંદર નથી આવતું-મૃત્યુ જ નીપજે છે, તે જ પ્રકારે કામભોગો ભોગવતાં તો શરૂ-શરૂમાં મીઠા લાગે છે પણ તે ભોગવેલા કામભોગોનું પરિણામ પાછળથી સુંદર નથી હોતું, કામભોગોની અમર્યાદ ઈચ્છા-અમર્યાદ પ્રાપ્તિ જ સંસારમાં વિષમતા ઊભી કરનારી છે-વેરઝેર, વર્ગવિગ્રહ વગેરે ખતરનાક પરિણામો આણનારી છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

# अनुक्रमणिका

| | | | |
|---|---|---|---|
| ૧ | सतीसूक्तपोडशिका .... .... | ( પં. શ્રી ધુરંધરવિજયજી ) | ૧૧૩ |
| ૨ | અંધ .... .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૧૪ |
| ૩ | ऐन्द्रस्तुतिचतुर्विंशतिका–સાર્થ .... | ( અનુ. મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી ) | ૧૧૫ |
| ૪ | શ્રી વર્દ્ધમાન–મહાવીર :: ૬૪ | ( સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા ) | ૧૧૬ |
| ૫ | ભગવંતના બે અતિશયો .... | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૧૯ |
| ૬ | આશાને દાસી બનાવો .... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" | ૧૨૧ |
| ૭ | શ્રીપ્રશ્નોત્તરસાર્ધશતક-સાર્થ (૨૩) | ( અનુ૦ આચાર્યશ્રી વિજયમહેંદ્રસૂરિજી ) | ૧૨૩ |
| ૮ | મુગ્ધમેધાકરાલંકાર અને એનાં જલ્પકલ્પલતા ઇત્યાદિ આંકુઓ | ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. ) | ૧૨૬ |

**પૂજા ભણાવવામાં આવી**–આપણી સભાની અઠ્યોતેરમી વર્ષગાંઠ શ્રાવણ શુદ ત્રીજ ને શુક્રવારના રોજ હોવાથી તે દિવસે સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી બાર વ્રતની પૂજા રાગ-રાગણીપૂર્વક ભણાવવામાં આવી હતી, જે સમયે સભાસદબંધુઓ ઉપરાંત અન્ય ભાઈ-બહેનોએ પણ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

જૈન રામાયણ

## ગ્રાહક તરીકે જલ્દી નામ નોંધાવો

ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર પર્વ-૭મું, જેને "જૈન રામાયણ" તરીકે ઓળખવામાં આવે છે તેની નકલ વર્ષોથી મળતી ન હતી. પૂજ્ય મુનિરાજો તથા શ્રાવક બંધુઓના આ પુસ્તક માટે વારંવાર માંગણી રહ્યા કરે છે એટલે અમોએ તે પુસ્તકની મર્યાદિત નકલ છપાવવાનો વિચાર કર્યો છે.

● આ પુસ્તકમાં રામ, લક્ષ્મણ તથા રાવણના રસિક ને ઉપદેશક ચરિત્રો ઉપરાંત એકવીસમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત તથા હરિષેણ અને જય ચક્રવર્તીના મનોમુગ્ધકર ચરિત્રો આપવામાં આવેલ છે.

● આ પુસ્તકની સર્વ નકલોમાં અથવા તો અમુક મર્યાદિત નકલોમાં સહાયક ગૃહસ્થનો ફોટો તથા જીવનચરિત્ર મૂકવામાં આવશે, તો જ્ઞાનપ્રેમી ગૃહસ્થોને આ સંબંધી પત્રવ્યવહાર કરવા વિનંતિ છે.

● પાકું બાઈંડીંગ અને ક્રાઉન સાઇઝના આ પુસ્તકનું મૂલ્ય રૂા. ચાર રાખવામાં આવેલ છે. અગાઉથી નામ નોંધાવનાર પાસેથી રૂા. સાડાત્રણ લેવામાં આવશે.

● નકલો મર્યાદિત સંખ્યામાં જ કાઢવાની હોઈ ગ્રાહક થનારે જોઈતી નકલ દીઠ રૂપિયો એક ગ્રાહકશ્રેણિમાં નોંધાવવા માટે અગાઉથી મોકલી આપવો.

વિશેષ હકીકત માટે પત્રવ્યવહાર કરવો.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૫ મું
અંક ૧૦

શ્રાવણ

વીર સં. ૨૪૮૫
વિ. સં. ૨૦૧૫


## सतीसूक्तषोडशिका

### ७. सुलसा

हरिसुररक्षितया-ऽचलदर्शनया, सङ्गतवरया दशनमिता-स्तनया जनिताः ।
युगपद्धृतसुतया, विदितचरितया, नागरथिकप्रियया हृदयं, न कृतं सभयम् ॥
जिनशुभलाभितया, सुपरीक्षितया, कथमपि मनसि न संशयितं, स्वात्मनि दयितम् ।
भाविनिनिर्ममया, जनुषि सुलसया, जिनवरकर्मकृतौ यतितं, यशसा प्रथितम् ॥७॥

### ८. सीता

दशरथसुतदयिता, दशमुखनीता, सङ्कटपतिता नहि पतिता, कलबलकलिता ।
कोशलमानीता, रजकविगीता, न विगिताऽपि वने प्रहिता, समुदितदुरिता ॥
लवणाङ्कुशमहिता, दहने दहिता, न ज्वलिता परमुज्ज्वलिताऽद्भुतकृतचरिता ।
साकेते गीता, भवभयभीता, सीता साध्वी स्वर्गमिताऽच्युतपतिविदिता ॥८॥

( क्रमशः )

—પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અંધ

( પોતાના કર્મથી અંધાપો ભોગવનારા ઉપર દયા કરવી એ ફરજ છે. )

( હેમકલા છંદ )

અંધ ઘણા ધરી દંડ કરે ગતિ મંદ ધરી પથમાં વિચરે,
આથડતા પડતા રડતા સ્ખલના પ્રતિપાદ વિચિત્ર ધરે;
આશ ધરી પ્રતિવાસ ફરે નહીં ખાસ રહ્યો જસ વાસ ઘરે,
અન્ન મળે ન વિષ હહા રહ્યું મન જાસ પ્રસન્ન ન કોઈ કરે. ૧

વસ્ત્ર ન છે જસ ત્રસ્ત થયો ફરી ગાત્ર વિકંપિત પાત્ર કરે,
ગર્વ ધરે જગ કોઈ ધનોદ્ધત મત્ત બની જગમાં વિચરે;
ક્રોધ કરી થઈ યોધ સમો બકવાદ અસંગત એ ઉચરે,
જાસ નહીં મન ખાસ દયા લવ અંધતણું અપમાન કરે. ૨

એહ અજાણ તણે નહીં ભાન સ્વકર્મતણું બહુ પાપ કરે,
આંખ છતાં થઇ અંધ ફરે પણ પાપ હજુ કરતા ન ડરે;
અંધ કહે ઉપદેશ અમોલિક બંધ ન તું કર કર્મતણો,
હું રઝળ્યો થઇ અંધ ફરું તિમ છંદ હજુ તુજમાંહે ઘણો. ૩

કામમદાંધ ધનાંધ ગુણો તજી આંખ ઉઘાડ તું અંતરની,
સ્પષ્ટ થશે તુજ દુષ્ટ કુકર્મ તું માન શિખામણ એ હિતની;
અંધ બધીર થયા કેઇ મૂક ને પંગુ ઘણા જગમાં વિચરે,
એ સહુ પાપતણા પરિણામ છે જાગ તજી અભિમાન ત્વરે. ૪

જ્ઞાનતણા નયનો ઉઘડ્યા કેઈ અંધતણા બહુ જ્ઞાન ધરે,
બોધ કરે થઇ પંડિત શોધક રોધક કર્મતણા વિચરે;
જ્ઞાનદિવાકર એહ યશોધર ગ્રંથ રચી શુભ પંથ ધરે,
રાત થતા જિમ દીપ બળે તિમ પાપ પછી બહુ પુણ્ય કરે. ૫

ખેલ ઘણા ઈમ પાપ અને અનુતાપ ને પુણ્યતણા દિસતા,
જોઇ કરો મન શુદ્ધ વિવેકજ અકર્મ વરી સમતા;
બુદ્ધિ વિના નહીં શુદ્ધિ થતી મન વૃદ્ધિ અકારણ પાપતણી,
પુણ્ય કરી જગ ધન્ય બનો સહુ છિન્ન વિપત્તિ વિપાક હણી. ૬

કાક બને નિશિ અંધ અને પછી ઘૂડ ઉજાસ ન જોઈ શકે,
જેહ મદાંધ બને ન દિવાનિશિ જોઇ શકે થઈ અંધ બકે;
અંતરજ્યોતિ ઉજાસ થયા વિણ દષ્ટિ ન પ્રાપ્ત થતી જગમાં,
તે વિણ ઘોર અંધાર બધે નિત છાઇ રહે મનમાં તનમાં. ૭

જાગૃત નિત્ય રહી સહકાર કરો પરકીયતણા દુઃખમાં,
દીનદયાળુ બની ઉપકાર કરો નિત સંકટવારણમાં;
જે જન ચિત્ત ધરી અમૃત ધર્મતણું ધરશે તનમાં,
બાલ કહે તરશે વરશે યશ આત્મવિશુદ્ધિ લહી જગમાં. ૮

શ્રી
બાલચંદ હીરાચંદ
'સાહિત્યચંદ્ર'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

न्यायविशारद-न्यायाचार्य-महोपाध्याय श्रीमद्यशोविजयजीगणिविरचिता-

# ऐन्द्र-स्तुति-चतुर्विंशतिका ( सानुवादा )

अनुवादक:-मुनिराजश्री हेमचंद्रविजयजी

## ६. श्रीपद्मप्रभजिनस्तुतिः ॥

पद्मप्रभेश ! तव यस्य रुचिर्मते स-द्विश्वासमानसदयापर ! भावि तस्य ।
नोच्चैः पदं किमु पचेलिमपुण्यसम्पद्, विश्वासमान ! सदयाऽपर ! भावितस्य ॥ १ ॥
(वसन्ततिलका-वृत्तम्)

શ્રી જિનમતમાં પરમ શ્રદ્ધાવાળા ભવ્યજીવો ઉપર કરુણા કરનાર, જગતમાં અનુપમ-અદ્વિતીય, સુન્દર ભાગ્યવાળા, બાહ્ય તેમજ અભ્યન્તર શત્રુથી રહિત હે પદ્મપ્રભસ્વામીશ ! જે પુરુષને તમારા દર્શનમાં શ્રદ્ધા છે તે સમ્યગ્દર્શનથી પુરુષને, પરિપકવ છે પુણ્ય-શાશ્વતાનન્દરૂપી સંપત્તિ જેમાં એવું ઉત્કૃષ્ટ સ્થાન મોક્ષ અથવા સુદેવાદિપણું શું પ્રાપ્ત નહીં થાય અર્થાત્ થશે જ. ૧

मूर्तिः शमस्य दधती किमु या पदूनि, पुण्यानि काचन सभासु रराज नव्या ।
सा स्तूयतां भगवतां विततिः स्वभक्त्या, पुण्याऽनिकाचन ! सभासुरराजनव्या ॥ २ ॥

હે નિકાચિત મિથ્યાત્વ મોહથી રહિત પુણ્યશાલિન્ ! તું જે અતિશય શુભકર્મોને ધારણ કરે છે, જે નક્ષત્રોથી યુક્ત અસુરેન્દ્રોવડે નમસ્કાર કરાયેલ છે, જે અતિશય પવિત્ર છે, જે સમવસરણમાં શોભિત થયા, વળી જે શાન્તરસની જાણે કોઈ નવીન મૂર્તિ ન હોય (તેવા શોભે છે) તે શ્રી તીર્થંકર દેવોની શ્રેણીને આત્માની શ્રદ્ધાથી-સ્વભક્તિવડે સ્તવ-સ્તુતિ કર. ૨

लिप्सुः पदं परिगतैर्विनयेन जैनीं, वाचं यमैः सततमञ्चतु रोचितार्थाम् ।
स्याद्वादमुद्रितकुतीर्थनयावतारां, वाचंयमैः सततमं चतुरोचितार्थाम् ॥ ३ ॥

પ્રકૃષ્ટ લક્ષ્મી-ઐશ્વર્યથી યુક્ત મોક્ષાદિ સ્થાનને મેળવવાની ઇચ્છાવાળો તું અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મ અને અકિંચનત્વરૂપ પંચમહાવ્રતોનો આશ્રય કરનાર મુનિઓવડે જેનો અર્થ શ્રદ્ધા વિષય કરાયો છે, સ્યાદ્વાદદર્શન(યથાયોગ્ય સ્થાને સ્થાપન કરેલ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયવડે પ્રાપ્ત થયેલ સપ્તભંગીરૂપ વાક્ય)થી જેનાવડે બૌદ્ધ-સાંખ્ય-મીમાંસા વગેરે દર્શન સંબંધી ઋજુસૂત્રાદિના ઉપન્યાસવિશેષને ઉન્મૂલિત કરવામાં આવેલ છે, વળી હેય અને ઉપાદેયના જ્ઞાનવાળા ચતુર પુરુષને યોગ્ય પુરુષાર્થ જેમાં છે, એવી શ્રી જિનેશ્વરદેવની વાણીને નિરન્તર વિનયપૂર્વક સેવ-પૂજા કર. ૩

साहाय्यमत्र कुरुषे शिवसाधने या-ऽपाता मुदा रसमयस्य निरन्तरा ये ।
गान्धारि ! वज्रमुशले जगतीं तवाऽस्याः पातामुदारसमयस्य निरन्तराये ॥ ४ ॥

વિઘ્નોથી રહિત અને અન્તર-વ્યવધાન રહિત છે લાભ જેમનો એવા હે ગાન્ધારી દેવી ! પતનથી રહિત એવા જે તમે શાંત રસમય પ્રકૃષ્ટ શ્રી સર્વજ્ઞ પ્રભુપ્રણીત સિદ્ધાન્તની મોક્ષના સાધન વિષે હર્ષપૂર્વક અહીં સહાયતા કરો છો એવા તમારા વજ્ર અને મુશલ જગતનું રક્ષણ કરો. ૪ (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૨૮

## ધન્યવાદમાં વિસંવાદ :

પણ પ્રજાપતિના પુત્રો તરફના ધન્યવાદે એક બારીક પરિસ્થિતિ ઊભી કરી દીધી. જે દિવસે ત્રિપૃષ્ઠ અને અચળ પાછા આવ્યા અને દરબારમાં તેમના પરાક્રમ માટે પ્રશંસા થઇ તે જ રાત્રે રાજા પ્રજાપતિ અને મૃગાવતી વચ્ચે વાતચીત થઈ તે દરમિયાન રાજાએ ત્રિપૃષ્ઠના પરાક્રમને અંગે મૃગાવતી પાસે ચિંતા દાખવી. આવા પરાક્રમી પુત્રની અદેખાઇ મહારાજા અશ્વગ્રીવ કર્યા વગર રહેશે નહિ એવી ઊંડી ઊંડી ચિંતા એણે મૃગાવતી સામે બતાવી. મૃગાવતી પણ ભારે વિચક્ષણ હતી. એણે એ વાતમાં સંમતિ બતાવી પણ જે બન્યું છે તે ન બનનાર નથી અને ભાવીના ગર્ભમાં જે બને તે જોવાનું જ રહ્યું એમ માની લઇ બંનેએ વાતને પડતી મૂકી, પણ આવી વાતચીતને પરિણામે મા–બાપને પ્રચ્છન્નપણે થવા જોઇતા આનંદમાં જરા અંદેશો પડી ગયો. તેમને એમ થયું કે દૂત ચંડવેગે જરૂર તેની વીતક વાત મહારાજા અશ્વગ્રીવને કરી હશે, તેમાં આ બનાવની જાણ થતાં અગ્નિ ઉપર ઘીની આહુતિ થશે. પરિણામે નાના બચ્ચાંઓ ઉપર આફત ઊતરી આવશે અને કીડી ઉપર કટક આવી પડશે. તેમની નજરમાં આધેડ અચળ અને નવજુવાન ત્રિપૃષ્ઠ બચ્ચાં જ હતાં, તેમની નજરે એ કીડી જ હતા. તેમને તો એમનો વાળ વાંકો થાય તેની ચિંતા હતી. માબાપ પોતાના બાળકોને બચ્ચાં જ સમજે છે. એની નજરે પચાસ વર્ષનો પુત્ર હોય તે પણ બાળક જ દેખાય છે અને મહાપરાક્રમી કે દેશમશહુર પુત્ર પણ જાણે ઘોડિયામાં સૂતો છે અને નાનો ગગો છે એમ જ લાગે છે. આ દૃષ્ટિ વાત્સલ્યને પરિણામે થાય છે અને એની પાછળ માનસવિદ્યાનાં ઘણાં સૂત્રો કામ કરે છે પણ એ વાતમાં ઉપાય નથી. એ સિદ્ધ માનસ નિયમોને લઈને રાજા પ્રજાપતિ અને મૃગાવતીને ચિંતા થઇ, પણ પુત્રના પરાક્રમની ગૌરવગાથામાં એ ચિંતા દબાઇ ગઈ અને બીજા દિવસથી નિત્યનો કાર્યક્રમ પોતનપુરમાં તો ચાલુ થઇ ગયો.

## અશ્વગ્રીવ પાસે પટેલના લોચા :

થોડા દિવસના અરસામાં સિંહપુરના મુખિયા પટેલ સિંહનું ચામડું લઇ મહારાજા અશ્વગ્રીવના દરબારમાં આવી પહોંચ્યા. રત્નપુરમાં અત્યારે ધમાલ ચાલી રહી હતી. અશ્વગ્રીવ મહારાજાના લશ્કરે ભરતક્ષેત્રનો બીજો ખંડ સાધ્યો હતો તેનો ઉત્સવ ઊજવાઇ રહ્યો હતો. મયૂરગ્રીવ અને દેવી નીલાંજનાના પુત્ર અશ્વગ્રીવે અત્યારે દુનિયામાં ભારે નામના મેળવી હતી. એંશી ધનુષની પડછંદ કાયાવાળા એ મહારથી પ્રચંડશાસની તેજસ્વી મહારાજાના શૌર્ય અને પરાક્રમની પાછળ ભયંકર ક્રૂરતા અને ભયંકર અકલ્પ્ય હિંસાની દુઃખ કથાઓ ભરેલી હતી અને નિત્ય લાલ આંખવાળા, ક્રોધી, સાહસી, લોભી મહારાજાના આકરા શાસનની નીચે અનેકનો વધ થઇ ગયો હતો, લોહીના અનેક નદીઓ ચાલી હતી, અનેક રાજાઓએ પોતાના માથાં તેની પાસે ઝુકાવ્યાં હતાં અને તેથી પણ વધારે સંખ્યાનાં રાજાઓને એણે પરલોકમાં મોકલી આપ્યા હતા. અશ્વગ્રીવનો ઇતિહાસ એટલે લડાઇઓ, યુદ્ધો, હથિયારો, કાપાકાપીઓ, દલનો અને કચવાટોનો મોટો પોથો હતો અને એણે પોતાની જાતીય ભયંકરતા એટલી બધી દાખવી દીધી હતી કે અત્યારે તો તેની પાસે કોઇ વાત કરતી વખતે સામે ઊભા રહેનારના ટાંટિયા ધ્રૂજતા હતાં, સાચી વાત કહેતાં પણ ક્ષોભ થતો હતો અને ગમે તે હકીકત સાંભળી એ કેવો વિચિત્ર નિકાલ આપશે તેની આગાહી કરવી એ ગણતરીબાજ માણસો માટે પણ મુશ્કેલ થઇ પડ્યું હતું.

ઉત્સવથી ધમધમી રહેલ રાજધાનીમાં સિંહપુરના પટેલ આવી પહોંચ્યા. આખા શહેરમાં ધમાલ મચી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહી હતી. અશ્વગ્રીવ મહારાજાએ બીજો ખંડ જીત્યો તેના ગુણગાન ગવાતા હતાં અને ત્રીજો ખંડ સાધવાની તૈયારીઓ ચાલી રહી હતી. અત્યાર સુધી અનેક લડાઈઓમાં મરી ગયેલાની વિધવાઓની આંતરડી કકળી રહી હતી તેની કોઈને પડી નહોતી. ત્રીજો ખંડ સાધવામાં કેટલી નવી વિધવાઓ બનશે તેની કોઈને કલ્પના નહોતી અને જાણે પોતે તો અવિચળ લેખો લખાવીને આવ્યા હોય તેમ લોકો ગાન–તાન ગુલતાનમાં માચી રહ્યા હતા, ઠામ ઠામ મંડળીઓ જામી ગઈ હતી, બજાણીઆ ખેલો ખેલી રહ્યા હતા, ભવાઈઆઓ ભવાઈ ભજવી રહ્યા હતા. છોકરાઓ ખેલ ખેલી રહ્યા હતા, મીઠાઈઓ વહેંચાતી હતી, લોકો બગીચામાં લટાર મારવા નીકળી ગયા હતા, કોઈ ઉજાણીઓએ ચડી ગયા હતા, ચારે તરફ દેકારા દેવાતા હતા લોકો ખેલ ખેલી રહ્યા હતા, તાળોટા પાડતા, રાસ લેતા અને આનંદ–મોજ ઉડાવતા લોકો ધરાતા નહોતા. આવી ધામધુમમાં પડી ગયેલા રત્નપુરમાં સિંહપુરનો ગામડિયો મુખી–પટેલ આવી પહોંચ્યો. મુખી–પટેલે રાજસભામાં પ્રવેશ મેળવવા ઘણાં ફાંફાં માર્યાં, પણ એનો પત્તો લાગ્યો નહિ. સિંહપુર નાનું ગામડું હતું, એના પટેલને રાજસભામાં પ્રવેશનું માન નહોતું. એણે અધિકારીને અને દ્વારપાળને મળી મહામુસીબતે રાજસભામાં પ્રવેશ મેળવ્યો. મહારાજાના સાત મોટા અમાત્યો હતા તેમાંના એકની સાથે એને સંબંધ હતો, તેણે રાજસભામાં પ્રવેશની પરવાનગી આપી.

રાજસભામાં હાજર થઈ પટેલભાઈએ રાજા સમક્ષ સિંહનું ચામડું ધર્યું. રાજા અશ્વગ્રીવને એવા ચામડાની પડી નહોતી, એના મહેલમાં તો ઠામઠામ એવા સિંહનાં ચામડાં અને મુખડાં પડેલાં હતાં, પરંતુ અમાત્યે મહારાજાનું ધ્યાન ખેંચ્યું કે આ ચામડું તો તુંગગિરિના ત્રાસ વર્તાવનાર ભયંકર સિંહરાજનું છે એટલે મહારાજાએ એ વાતમાં રસ લીધો. મુખીને પોતાની સમક્ષ બોલાવ્યો, ચામડું ઉખેળીને જોતા પડછંદ મુખ, પીંગળી આંખો, જટાજૂટ થયેલી કેશવાળી અને ઘણી લાંબી બહાર લટકતી જીભ જોઈને રાજાએ પૂછ્યું: "પટેલ! આ સિંહ તો ભારે જબરો દેખાય છે!"

પટેલે જાણે પોતે જ સિંહ માર્યો હોય એવા ગૌરવથી ગામડિયા ભાષામાં જવાબ આપ્યો: "હા, મારા દેવ! એ સિંહ તો તુંગગિરિનો ભયંકર કેસરીસિંહ છે, એણે તો ત્યાં વરસોથી મોટું ધીંગાણું મચાવ્યું હતું. લોકો એ તુંગગિરિ પર જઈ શકતા નહોતા અને સિંહપુરના શાળિ વાવનારા ખેડૂતોએ પણ આપનો આશરો લીધો હતો. એ સિંહનું આ ચામડું છે!"

'અરે હા, યાદ આવ્યું.' મહારાજાએ કાનની પછવાડેના વાળને બે ચાર આંગળી લગાડી કહ્યું "અરે ત્યાં તો આપણે થોડાંક વર્ષથી પસાયતા રાજાઓને ચોકી કરવા મોકલીયે છીએ. તમે એ જ તુંગગિરિની વાત કરો છો ને?"

ગામડિયે વળી જવાબ આપ્યો: "હા, મારા દેવ! આપ જે સિંહપુરના ખેતરો જાળવવા ચોકી–પહેરો મોકલો છો તેની રંજાડ કરનાર એ ભયંકર સિંહનું આ ચામડું છે"

રાજાએ કહ્યું "ચાલો સારું થયું. અને પટેલ! એ સિંહને તમે માર્યો કે? એનો શિકાર કરવામાં તો ભારે તકલીફ પડી હશે."

પટેલથી સરિયામ જૂઠું બોલી શકાય તેમ નહોતું પણ ભળતું બોલવામાં એને વાંધો નહોતો. એણે કહ્યું "હા, મારા દેવ, હું એકલો તો શું મારું? પણ અમારા ગામના અનેક લોકો એ વખતે પહોંચી ગયા હતા. અને હા, મારા દેવ! સિંહ તો શી ત્રાડ મારે, એવી મોટી ભયંકર ગર્જના કરે કે ભારેવગી સ્ત્રીઓનો તો ગર્ભ છૂટી જાય!" લોચા વાળતો જવાબ આપી પટેલ ચૂપ રહ્યો.

પણ રાજાને ત્યાં તો યાદ આવી ગયું કે આ વર્ષે ખેતરોની ચોકી કરવા અને ખેડૂતોનું રક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા પ્રજાપતિ રાજાને આદેશ કર્યો હતો, તેની સાથે જ ચંડવેગ દૂતનું પ્રજાપતિ રાજાના પુત્રે કરેલું અપમાન પણ એને યાદ આવી ગયું; એટલે રાજાએ સીધો સવાલ પૂછી નાખ્યો: "પણ ત્યારે ત્યાં પ્રજાપતિ ચોકી કરવા નથી આવ્યો? એ તો કદાચ તેની દીકરી સાથે વિલાસમાં પડી ગયો હશે!"

ગામડિયા પટેલે જવાબ આપ્યો: "હા, મારા દેવ! પ્રજાપતિ રાજા તો હવે ઘરડા થઈ ગયા છે, એટલે એણે ખેતરોનું રક્ષણ કરવા પોતાના છોકરાઓને મોકલ્યા હતા. અને સાથે કેટલાક માણસોને પણ મોકલ્યા હતા. સિંહને માર્યો ત્યારે એ છોકરાઓ પણ સામેલ હતા." હજુ પણ પટેલ તો જાણે આખા બનાવનું માન ખાટી જવાની પેરવીમાં હતા. જો કે ખરી વાતે તો તે જાતે તે દિવસે તુંગગિરિ પર ગયો પણ નહોતો, પણ વરને ગાડે બેસવા દુનિયામાં ઘણાખરા તૈયાર થઇ જાય છે અને ખોટો લાભ મળતો હોય તો માન ખાટી જવામાં પાછા પડતા નથી કે ઓછા ઉતરતા નથી એ જાતનો આ પટેલ હતો.

પણ અશ્વગ્રીવ ભારે પક્કો હતો. એણે સિંહના ચામડા પર નજર નાખી તો તેમાં એક પણ જગ્યાએ તીરનું તીણું (કાણું) દેખાયું નહિ, અને મ્હોઢું ન સમજાય તેવી રીતે ફાટેલું અને જીભ ખેંચાઇને ખૂબ બહાર આવેલી જોઈ એણે પટેલને પૂછ્યું: "અરે પટેલ! આ સિંહના ચામડા પર તો ઘાની નિશાની નથી, તો પછી એને કોણે માર્યો? કેમ માર્યો? અને આ એનું જડબું તૂટેલું દેખાય છે! એ કેમ બન્યું. સિંહ એના દેખાવ ઉપરથી તો ઘણો વિકરાળ હોય એમ દેખાયં છે!"

પટેલે જોયું કે પોતે ફસાતો જાય છે, છતાં હામ રાખી વળી ભળતો જવાબ આપવા લાગ્યો: "હા,. મારા દેવ! એ સિંહને તીરો ઘણા ગાર્યા પણ એણે એ ચૂકાવી દીધા અને પછી એને પકડીને ગડદા પાટુથી પૂરો કર્યો."

આવો તદ્દન અશક્ય અને અસંભવિત જવાબ સાંભળી મહારાજા અશ્વગ્રીવે તાડુકો કર્યો અને આવા સિંહરાજને ગડદા-પાટુથી મારવાની વાત કરવાની મૂર્ખાઈ પર તેનું ધ્યાન ખેંચ્યું. છેવટે કહ્યું કે: "પટેલ! સીધો જવાબ આપો. આવા ભયંકર સિંહને વગર તીરે કોણે માર્યો? અને તમે તેમાં કેટલો ભાગ લીધો હતો?"

હવે પટેલ સમજી ગયો કે લોચા વાળવાથી રાજા ઊલટું પોતાનું જ ઘાણીએ ઘાલીને તેલ કાઢી નાખશે. એ વિચક્ષણ ગામડિયો હતો એટલે તુરત જ બોલી ઉઠ્યો "હા, મારા દેવ! એને પ્રજાપતિ રાજાના પુત્ર **ત્રિપૃષ્ઠે** ચીરી નાખ્યો, એનાં જડબાના બે ભાગ કરી નાંખ્યા, એની જીભ બહાર ખેંચી કાઢી અને એણે લોકોને નિર્ભય કર્યા."

રાજા અશ્વગ્રીવ ચાલાક હતા, એ આખો મામલો સમજી ગયા. એ ચાર સવાલ પરથી એને માલૂમ પડ્યું કે સિંહને મારવામાં આવ્યો ત્યારે પટેલ તો સિંહપુરમાં લહેર કરતા હતા, પછી જ્યારે સિંહને પૂરો કરવાની ખબર મળી ત્યારે જનમેદનીમાં ત્રિપૃષ્ઠને ધન્યવાદ આપવા હાજર થયા હતા. એણે જ્યારે તુંગગિરિ ઉપર બનેલ વાત વિગતવાર રીતે સાંભળી હતી તેવી કહી બતાવી ત્યારે રાજાએ ઉપર ઉપરથી સંતોષ બતાવ્યો, પ્રજાપતિની પ્રજા(સંતતિ)ની સહજ પ્રશંસા પણ કરી પટેલને ઈનામ આપ્યું અને તેને માન-સન્માન સાથે તેને દેશ વિદાય કર્યો. તે રાત્રે અશ્વગ્રીવ મહારાજાને ઊંઘ ન આવી. તેને નિમિત્તિયાએ કહેલ અને આગાહીઓ યાદ આવી. જે ઊગતા યુવાને ચંડવેગ દૂતનું અપમાન કર્યું હતું, તેણે જ પેલા તુંગગિરિના કેસરીસિંહને માર્યો અને માર્યો તે પણ કેવી રીતે? વગર હથિયારે, વગર ઢાલના બચાવે, અને વગર સહાયે! એણે જ્યારે પટેલ પાસેથી આખો અહેવાલ સાંભળ્યો, ત્યારે એના પેટમાં ચિરાડા પડવા લાગ્યા હતા અને એમાં પણ પટેલે જ્યારે ત્રિપૃષ્ઠે રથ છોડી દીધો, હથિયાર મૂકી દીધા અને મોજડિયું કાઢી નાખી એવી વાત કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવંતના બે અભિગ્રહો

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

ધાર્મિક પર્વોમાં મુગટરૂપ ગણાતું મહાપર્વ પર્યુષણ આવી રહ્યું છે. એની વિશિષ્ટતા ઘણી ઘણી રીતે છે. એમાં આઠ વ્યાખ્યાન દ્વારા **શ્રી કલ્પસૂત્ર** નામા પવિત્ર ગ્રંથનું વાંચન એ અગ્રપદે હોઇ, વર્તમાન જૈન સમાજને ખાસ પ્રેરણાદાયી છે. એના મૂળ રચયિતા ચૌદપૂર્વધર સૂરિમહારાજ **ભદ્રબાહુસ્વામી** છે. એ મૂળ રચના બારસાસૂત્ર તરીકે ઓળખાય છે અને વાર્ષિક પર્વ **સંવત્સરી**ના દિને અક્ષરશઃ વાંચી સંભળાવવામાં આવે છે. આ પવિત્ર સૂત્રમાં શાસનનાયક **શ્રી વર્ધમાનસ્વામી** ઉર્ફે **ભગવંત મહાવીર દેવ**નું ચરિત્ર વિસ્તારથી વર્ણવેલ છે. એક રીતે કહીયે તો આપણા જેવા પંચમ આરામાં જીવન વીતાવતાં માનવો માટે એ ભોમિયાની ગરજ સારે છે. કેમકે એમાં કર્મરાજ સામે ભગવંતે જુદા જુદા ભવોમાં જે સંગ્રામ ખેલ્યો છે અને એ દ્વારા તેઓશ્રીના જીવનમાં ઉત્થાન તેમજ પતનના જે પ્રસંગો આવ્યા છે એમાંથી ઘણા પ્રકારનું જાણવાનું અને શિખવાનું આમ થાય છે. અહીં તો ચરમતીર્થપતિના જીવનમાંથી બે પ્રસંગે લેવાયેલા **અભિગ્રહ** સંબંધી વિચારણા કરવાની છે. તીર્થંકર દેવોને જન્મથી જ ત્રણ જ્ઞાન હોય છે છતાં એનો ઉપયોગ તેઓ વારંવાર કરે છે એવું માનવાનું નથી. ખીસામાં ઘડીઆળ હોય અથવા એ કાંડા ઉપર શોભતું હોય, પણ એમાં દૃષ્ટિ કર્યા વિના સમય જાણી શકાતો નથી. જો કે એમાનો કાંટો એ સૂચવતો ગતિ કરી જ રહ્યો હોય છે તેવી જ સ્થિતિ ઉપર સૂચિત કરેલ અવધિજ્ઞાનની છે. ઉપયોગ મૂકવામાં આવે તો એની જે મર્યાદા સૂચવાઇ છે તે પ્રમાણે સ્વરૂપ

---

ત્યારે બહારથી ઉત્સાહી-ઊમંગી દેખાતાં મહારાજાનાં હૃદયમાં વેદના થવા માંડી હતી અને પટેલ પણ વાતમાં ભારે કુશળ હતો. એ જાતે હાજર નહોતો છતાં એણે વાત એવી પટાવી બનાવીને કહી, અને એણે પ્રત્યેક બનાવ એટલી ઝીણવટથી વર્ણવ્યો કે જાણે એ પોતે સિંહના વિદારણ વખતે હાજર જ હોય. આ સર્વ હકીકત રાત્રે મહારાજા અશ્વગ્રીવને એક પછી એક યાદ આવી, આખા બનાવનો ચિત્રપટ એ આંખ બંધ કરી કલ્પી ગયો, એને આવા ઊગતા યુવાનની ધૃષ્ટતા, ધીટતા અને ઉદ્ધતાઇ પર તિરસ્કાર છૂટયો, એના દિલમાં તે વખતે બાળકની હિંમત, ચાલાકી કે બહાદુરી માટે વિચાર સરખો ન આવ્યો. એ બચ્ચાને, એના ભાઇને, રાજા પ્રજાપતિને અને એના આખા કુટુંબને કેમ ફનાફાતિયા કરવું તેની પોતાના મનમાં એ જાળ ગૂંથવા લાગ્યો, એણે બે ચાર વખત તો પોતાની મુઠ્ઠી જમીન સાથે અફાળી અને પ્રજાપતિની આખી પ્રજા (સંતતિ) પર અને ખાસ કરીને બચ્ચા ત્રિપૃષ્ઠ પર વૈર મનમાં વસાવી દીધું. અત્યારે તો પ્રજાપતિ ઉપર કાંઈ ગુન્હો કે આરોપ લાવી શકાય તેવું કાંઇ તૈયાર નહોતું, પણ ગમે તેમ કરીને તેના આખા કુટુંબનો કરી કાઢી નાખવા માટે એણે મનમાં પણ (પ્રતિજ્ઞા) લઇ લીધું, અને એની ઇચ્છા પ્રમાણે ત્યાર પછી તુરતમાં જ એક એવો બનાવ બની ગયો કે એની ઇચ્છા પ્રમાણે એને પ્રજાપતિ સામે અને ખાસ કરીને ત્રિપૃષ્ઠ સામે કામ લેવાની તક મળી ગઈ. એ હકીકતને સમજવા માટે થોડી પૂર્વભૂમિકા બતાવવાની જરૂર છે, એ ધ્યાનમાં આવી જશે એટલે પછી અશ્વગ્રીવ અને ત્રિપૃષ્ઠનો ભેટો અને આખો પ્રસંગ બરાબર સ્પષ્ટ થઇ જશે. એની પૂર્વભૂમિકા પ્રથમ વિચારી જઇએ.

(ચાલુ)

**સ્વ૦ મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શાવવાની એનામાં શક્તિ રહેલી છે. ઉપયોગ ન મૂકાય તો ખીસામાં રહેલ ઘડીઆળ જેવું જ સમજવું.

અહીં ભાર મૂકીને કહેવાની વાત તો એ જ છે કે પ્રભુશ્રી મહાવીર દેવે **અભિગ્રહ** ગ્રહણ કરતી વેળા પોતાનામાં રહેલ એ જ્ઞાનનો ઉપયોગ મુકયો નથી જ. ઉપયોગ મૂકવાથી **અભિગ્રહનું** મહત્ત્વ મારું જાય છે. આત્મા જ્યારે ધ્યાનમાં રક્ત હોય છે ત્યારે આસપાસના વાતાવરણની અસરથી એને સહજ અમુક વિચાર સ્ફુરે છે; અને એ અંગે તરત જ એ પ્રતિજ્ઞા કરે છે. એની પૂર્તિ અર્થે અમુક મર્યાદા નક્કી કરે છે. આમ એકાએક રીતે ગ્રહણ કરાયેલ પ્રતિજ્ઞા યાને નિયમ એ **અભિગ્રહ** તરીકે ઓળખાય છે.

**પ્રસંગ ૧ લો.** પોતાની માતાને દુઃખ ન થાય એ હેતુથી પોતે ગર્ભમાં સ્થિર રહે છે. એથી માતાને શંકાઓ થાય છે. દુઃખ ન થાય એ હેતુ હોવા છતાં પ્રેમના કારણે ભારે દુઃખ જન્મે છે. આ વાતાવરણની અસર ગર્ભમાં રહેલ પ્રભુના જીવ ઉપર થાય છે, અને સહજ વિચાર સ્ફુરે છે કે **'મારે માતાપિતાના જીવતાં દીક્ષા ન લેવી'** ટીકાકાર શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય નોંધે છે કે આ કાર્ય પાછળ સ્નેહના કારણે વડિલોને દુઃખ ન થાય, અને સંતાનો પોતાના માતાપિતા પ્રત્યે વિનયનું પાલન કરે એ ભાવના પ્રભુશ્રીના જીવની હતી. એમાં દીક્ષા પ્રત્યે અભાવનો પ્રશ્ન રંચ માત્ર સંભવતો નથી. તેમ અભિગ્રહ પણ જ્ઞાનનો ઉપયોગ મૂકીને લેવાયો નથી.

**પ્રસંગ ૨ જો.** કૈવલ્યની પ્રાપ્તિ અર્થે સંયમ સ્વીકારી જૂદા જૂદા પ્રદેશમાં વિચરતા પ્રભુશ્રી મહાવીર જોઈ રહ્યે છે કે–**' માનવતા મરી પરવારી છે, નારી જાતિનું ગૌરવ વીસરાયું છે અને એ ક્રયવિક્રયની વસ્તુ બનાવાઠ છે. ગુલામ તરીકે એનું લીલામ કરાય છે. રાજાઓ રાજ્યધર્મ ચૂકયા છે અને પોતાના વેરના પ્રતિશોધ અર્થે શત્રુ રાજવીની વહુ-દીકરીની મર્યાદા લોપતા પણ ચૂકતા નથી. "** એ જોયા છતાં પોતે ઉપદેશ આપી સુધારણા કરવાનો માર્ગ લઈ શકે તેવું ન હોવાથી સહજ ભાવે નિયમ લીધો કે રાજ્ય કન્યા હોય, ગુલામ તરીકે વેચાયેલી હોય ઇત્યાદિ ચિન્હોવાળી આહાર આપે તો જ ગ્રહણ કરવો, નહીં તો ઉપવાસ-વૃદ્ધિ કર્યા કરવી આ પાછળ જાતે સહન કરી વાતાવરણ શુદ્ધ કરવાની ભાવના સહજ જણાય છે. એની પૂર્તિ અર્થે કૌશામ્બીમાં રોજ ગોચરી અર્થે ભ્રમણ કરે છે. એ કારણે પ્રજા વિચાર કરતી થાય છે અને વસુમતી ઊર્ફે ચંદનબાળાના જીવન ઉપરથી પડદો ઉચકાય છે. પ્રભુના ઉપાસકો રાજવી શતાનીક, રાણી મૃગાવતી અને તેની નણંદ જયન્તી વીરપ્રભુ ગોચરી લીધા વિના પાછા કેમ ફરે છે એ શોધી કાઢવા દત્તચિત્ત બને છે, ત્યારે જ ચંદનબાળા દધિવાહન ભૂપની કુંવરી છે એ વાત બહાર આવે છે. મૃગાવતી ત્યારે જ જાણે છે કે પોતાની બહેન પદ્માવતીની શોકય ધારિણી થાય એટલે તેની આ દીકરી પોતાની ભાણેજ થાય છે. આમ **અભિગ્રહ** એક એવી અનોખી વસ્તુ છે અને તેનો જન્મ અકસ્માતિક મનોપ્રદેશ પર થાય છે. પ્રભુના શાસનમાં આ પ્રકારના ભિન્ન ભિન્ન અભિગ્રહ લેનાર સાધુઓના દૃષ્ટાંતો ઉપલબ્ધ થાય છે. એ પાછળનું રહસ્ય અવધારી દરેક આત્મા પોતાની શકિત પિછાની કંઇ ને કંઈ કરવા ઉદ્યુકત થાય એ જ આ લેખનો આશય છે.

નવપદારાધન માટે અતિ ઉપયોગી **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

**નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત સુંદર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના.**

**લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આશાને દાસી બનાવો

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

આજે આ મળ્યું, કાલે બીજું મળશે, લાખ મળ્યા, ક્રોડ મળશે, લગ્ન થયા, પુત્રો થશે. પુત્રો થયા, પુત્રવધુઓ ઘેર આવશે. ઘર બન્યું, બંગલો બનાવીશું. એક કારખાનું ખોલ્યું, બીજા ચાર ખોલવા છે. એક મોટર મળી, બીજી ચાર વસાવવી છે. બસો કામદાર નોકરો છે, બીજા બે હજાર રાખવા છે. સભામંડળમાં ચુંટાઈને આવ્યા, હવે મિનિસ્ટર બનશું, જાપાન સાથે વેપાર ચાલે છે, અમેરીકા સાથે વેપાર જોડીશું. એવી એવી તો હજારો આશાઓનો સંગ્રહ લોકો પોતાના મનના કોઠારમાં પૂરી રાખે છે. અને એ બધી આશાઓનું સ્મરણ કરી કરીને મનને રંજિત કરતા રહે છે. એવી વિચારધારા એક સરખા વધાર્યે જ જાય છે. અને એવી આશાના તરંગોમાં અને લહેરોમાં મનને નચાવ્યે જ જાય છે. એ આશાઓ એનું મન ગુંથાયેલું જ રાખે છે. તે એટલે સુધી કે માણુસ આશાનો દાસ કે બંદો ગુલામ બની જાય છે. આશા એની માલેક બની એને આંગળીના ઈશારે નચાવતી રહે છે. એ આશા જો તૂટી જાય તો એ પોતાનું મોત આવ્યું એમ માની રડતો રહે છે. એ દાસપણુ આશા નામની ધુતારીએ નિર્માણુ કરી માણુસને પાશબદ્ધ કરી નાખેલો છે. એટલે જ એક સુભાષિતકાર કહે છે કે–

आशाया ये दासास्ते दासाः सर्वलोकस्य ।
आशा येषां दासी तेषां दासायते लोकाः ॥

એટલે જે લોકો આશાના દાસ થઇને રહે છે તેમને બધા લોકોના દાસ થઈ રહેવું પડે છે. અને આશાને જે પોતાની દાસી બનાવી રાખે છે તેઓના બધા જ લોકો દાસ બની જાય છે. મતલબ કે, જે લોકો આશાની પાછળ પોતે દોડતા રહે છે તેઓને પોતાની આશાની પૂર્તિ માટે અનેક લોકોનું દાસપણું કરવું પડે છે. ધારો કે માણુસને મોટર લેવાની ઇચ્છા જાગે છે ત્યારે તેને પોતાની પાસે તેની કીંમત જેટલી જોગવાઈ કરવી પડે. મોટરના ગુણુદોષ જાણુનારને મેળવવો પડે, કંપની શોધવી પડે, મોટર ચલાવનાર મેળવવો પડે, મોટર મૂકવા માટે જગ્યાની શોધ કરી તે મેળવવી પડે, મોટરનું બળતણવાળું તેલ મેળવવું પડે. એવી એવી તો અનેક ઘટનાઓ થઇ જાય. એમાં કેટલા લોકોનો સંપર્ક સાધવો પડે. એમનું રંજન કરી તેમનો સહકાર મેળવવો પડે. મતલબ કે, એક વસ્તુની આશાની પૂર્તિ માટે અનેક લોકોની ખુશામત કરવી પડે. સાચા ખોટા અને કૃત્રિમ માર્ગોને અનુસરવું પડે. મતલબ કે એક વસ્તુની આશા પાછળ માણસને આટલું રખડવું પડે ત્યારે આપણે અનંત આશાઓ સેવતા હોઇએ ત્યારે કેટલા લોકોની સદિચ્છા મેળવવા માટે ગુલામી કરવી પડે એ દેખાતું જ છે. એટલે જેટલી આશા મોટી તેટલી ગુલામી અને દાસપણું વધુ પ્રમાણમાં સેવવું પડે, એટલે જ જ્ઞાનીઓ કહે છે કે આશા એ ગુલામી નોતરવાનું સાધન છે. માટે જ આપણે આશા સમૂળગી છોડી નહીં શકતા હોઇએ તો પણ તે પર મર્યાદા તો મૂકવી જ જોઇએ.

આપણે દુનિયામાં જોઇએ છીએ કે, જેની પાસે થોડું પણ ધન ન હોય તે સો રૂપીઆથી તૃપ્તિ મેળવવાની આશા રાખે છે. પણ સો રૂપિઆ જ્યારે મળે છે ત્યારે તે જ માણસ હજારથી સમાધાન થશે એમ ધારે છે. એમ અનુક્રમે લાખ અને કરોડની વાસના તે સેવતો હોય છે. આમ આશા વધતા વધતા ઉત્તરોત્તર વધારે સત્તા, ધન અને શક્તિ મેળવવાની તેને આશા આગળ ને આગળ ખેંચ્યે જાય છે. એ રીતે આશાનો કોઈ રીતે અંત આવતો જ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સાથે સાથે દાસપણું પણ વધુ ને વધુ સેવવું પડે છે.

એટલા માટે જ કહેવાય છે કે, आशाया: परमं दुःखम् । निराशायाः परं सुखम् ॥ એટલે આશા એ ઘણું મોટું દુઃખ છે અને નિરાશા એ મોટામાં મોટું સુખ છે. આ જગતમાં જેટલી આશા વધારે તેટલું દુઃખ પણ વધતું જ જાય છે. અને સંસાર વધવામાં મુખ્યત્વે એ આશા જ કારણભૂત થએલી છે. કર્મ-બંધનનું કારણ પણ એ જ છે. એક જોગી બાવો રાજમાર્ગ ઉપર લાંબા પગ કરી સ્વસ્થપણે બેઠો હતો. રસ્તે જતા એક ભાઈએ પૂછ્યું: બાવાજી! તમે લોકોના આવવા જવાના માર્ગમાં આમ લાંબા પગ કરી બેઠા છો એ સામાન્ય શિષ્ટાચારની વિરુદ્ધ કહે-વાય, માટે જરા ઠીક થઈને બેસો તો સારું. ત્યારે બાવાએ જવાબ આપ્યો: ભાઈ, મેં મારા હાથ ટુંકાવ્યા છે માટે જ પગ લાંબા કરી હું બેઠો છું કારણ મારે હાથ આગળ કરી કોઈની પાસે કાંઈ માંગવું નથી અર્થાત્ કોઈની પાસેથી યાચના કરવાની ઇચ્છા નથી. મને કોઈ જાતની આશા રહી જ નથી, માટે જ હું નિશ્ચિંત ફાવે તેમ બેઠો છું. કોઈ એકાદ રોટલાનો કટકો આપશે તેનું ભલું થાઓ! અને મને કોઈ પથરો મારશે તેનું પણ ભલું થાઓ! એવી મારી ભાવના થઈ છે, માટે જ હું મારા આત્માના આનંદમાં મસ્ત અને સુખી છું. આશા અને તેની યાચના જગત પાસે ઘણી કરી હું થાકયો, તેમાં મને સુખ ન મળ્યું, તેથી જ મેં આશાથી કંટાળી તેને દૂર ફગાવી દીધી અને ત્યારથી હું સુખેથી દિવસ નિર્ગમન કરું છું. મને હવે કોઈની પણ ગુલામી કરવાની જરૂર રહી નથી. તેથી હું સુખી અને આનંદી છું. ઉલટા ઘણા લોકો પોતાના સુખમાં અને આશામાં યશ મળે એવી ખોટી ભાવનાથી મારી પાસે આવી આશીષ અને પોતાની ઇચ્છાપૂર્તિની યાચના કરે છે. કોઈને પરણવું છે અને કોઈને પુત્રની પ્રાપ્તિની આશા છે. કોઈને ધન જોઈએ છે અને કોઈને કોર્ટમાં પોતાના લાભમાં ચૂકાદો મળે એવી ઇચ્છા છે. કોઈને કાંઈ ને કોઈને કાંઈ એ બધી હકીકતો અને ભિક્ષા સાંભળી આ બધા ભીખારીઓથી હું તો કંટાળી ગયો છું. એમની એ ખોટી યાચના અને દીનવાણી સાંભળી મને તો હસવું આવે છે. આવા લાલચુ જગતથી એટલા માટે જ હું દૂર ભાગ્યો છું. આવી અનેક ભિક્ષા માગવાથી સાચું સુખ મળતું નથી, પણ અનેક જાતની ગુલામી કરવી પડે છે. એટલા માટે જ તો મેં આશાને લાંબી ફેંકી દઈ નિરિચ્છ થઇ બેઠો છું, મને જે વસ્તુનો કંટાળો હોય અને જે વસ્તુ મારી પાસે આવે તો તે હું ફેંકી દઉં; એવો હું છતાં મારી પાસે એ જ વસ્તુની માગણી લોકો કરે એ જોઈ લોકોના ભોળાપણાનું અને અજ્ઞાનદશાનું મને હસવું આવે છે. લોકોની કેવી એ બાલિશતા! જેની પાસે જે વસ્તુ ન હોય અને હોવા છતાં જેઓ તે વસ્તુનો ત્યાગ કરી નીક-ળેલા હોય, તેની પાસે એવી વસ્તુની માંગણી કરવી એ કેવી મૂર્ખાઈ! પણ જગ એવી અજ્ઞાન દશામાં જ આથડી રહ્યું છે એમાં શંકા નથી. રોગથી જર્જરિત થએલાને વૈદ્ય કલ્પી આરોગ્યની માગણી કરવી, નિર્ધ-નિયા પાસે હજાર બે હજાર રૂપીઆ ઉછીના આપો એવી માગણી કરવી, રખડતા નિરાશ્રિત માણસ પાસે મોટા હોદ્દાની માગણી કરવી અગર એકડે એક ભણનાર બાળક પાસે એકાદ સિદ્ધાંતનો ઉકેલ માગવો એવી એ સ્થિતિ છે. જેની પાસે જે વસ્તુ ન હોય તે આપે જ કયાંથી? બાવાજી આગળ કહેવા માંડ્યા કે, એવા યાચકો કે સાચા શબ્દમાં કહીએ તો ભીખારીઓ જો સાચા અર્થમાં અને સાચી શુદ્ધ ભાવનાથી પ્રભુ–ભક્તિ કરે, દેવગુરુ ઉપર શ્રદ્ધા રાખે અને શાસ્ત્રના માર્ગે આચરણા રાખે તો એમનો માર્ગ સરળ થતો જાય અને આમ કરતા જે કાંઈ પુણ્ય સંચય થાય તેમાંથી સંસારનું સુખ જરૂર મળે. કારણ અનાજ પાકે ત્યારે ચારો તો તેમાં સ્વાભાવિક રીતે આવી જ જાય, એ માટે જુદી વાવણી કરવાની જરૂર ન હોય. એ રીતે પ્રભુનો બતાવેલો માર્ગ જે અનુસરે તેની આશાઓ સફળ થાય ખરી પણ એ તૃપ્તિ આત્માની સાચી તૃપ્તિ ન કહેવાય. સાચી તૃપ્તિ તો આશાને સંપૂર્ણ રીતે ફગાવી દેવાથી જ થવાની હોય. મેં બધી આશાઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક

( ૨૩ )

પ્ર૦—(૯૨) દેરાસરમાં જિનપ્રતિમાની ઉપર ભમરીનું ઘર હોય તો તેવા પ્રકારના ઉપયોગી શ્રાવકના અભાવે સુવિહિત સાધુ પોતે તેને દૂર કરે કે નહિ?

ઉ૦—એમાં અલ્પ દોષ હોવાથી સાધુએ પોતે કાઢવું જોઈએ. જો ન કાઢે તો ગુરુ પ્રાયશ્ચિત આવે જેને માટે બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે—लूआ कोलिग जालिग कोत्थलहारी अ उवरिगेहे अ ॥ साडितमसाडिते लहुगा गुरुगा य भत्तीए ॥१॥ **ભાવાર્થ**—કોઈક મહાત્મા કોઈક ગામને વિષે જિનમંદિર જોઈને ચૈત્યને નમસ્કાર કરવા માટે ગયા હોય, અને ત્યાં કથંચિત્ દેરાસરમાં સાફસૂફી ન થતી હોય અને ભગવાનની પ્રતિમા ઉપર કરોળીયાની જાલ, જાલા, ભમરીના ઘર વિગેરે જોઈને જો ઉપેક્ષા કરે એટલે પોતે તેને દૂર ન કરે તો ગુરુ પ્રાયશ્ચિત એટલે ચતુર્ગુરુ પ્રાયશ્ચિત આવે, અને દૂર કરે તો ચતુર્લઘુ પ્રાયશ્ચિત આવે. આ પ્રમાણે જિનપ્રતિમાના ઉપર આશાતનાના કારણભૂત વૃક્ષાદિકને આશ્રયી પણ જાણવું ॥૯૨॥

પ્ર—(૯૩) સાધુઓએ વસ્ત્રો કયારે ધોવા અને ન ધોવે તો શું દોષ લાગે?

ઉ—વર્ષાકાલ પહેલાં જ વસ્ત્રો ધોવા જોઈએ, ન ધોવે તો આ પ્રમાણે દોષ લાગે. अइभार वुडण पणए सीयलपावरणऽजीर गेलन्ने ॥ ओभावण कायवहो वासासु अधावणे दोसा ॥१॥ **ભાવાર્થ**—વર્ષા કાલની પહેલા વસ્ત્રો ન ધોવે તો મેલથી ભારી થાય, જીર્ણ થાય, લીલફુલ લાગે, ઠંડું વસ્ત્ર પહેરવાથી અજીર્ણ થાય, બીમારી આવે, પરાભવ થાય, અપ્કાયની વિરાધના થાય, આ પ્રમાણે દોષ

---

ક્યારની છોડી દીધી છે, આવી વ્યવસ્થામાં પણ હું જો કીમતી કામળી, સુંદર ભારે વસ્ત્રો, મોટા સુઘડ મકાનો, ભારે કીમતના લેખન સાધનો, ઊંચા કાગળો અને ભારે કીંમતી પેનોની આશા રાખું અને મારી પ્રસિદ્ધિ અને બોલબાલા થાય, મારા નામના જયનાદ થાય, મારું નામ છાપામાં છપાય અને મારી કીર્તિ અને મોટાઈ ખૂબ વધે એવી એવી જો આશા રાખું તો મારામાં અને સંસારી સુખોની ભીખ માગનારા ભીખારીઓમાં શું ફેર? માટે હું નિરાલંબ થઈ રસ્તામાં બેસી રહ્યો છું. મારે કોઈ જાતની ઈચ્છા અને લાલચ રહી નથી, માટે જ હું સુખી અને આનંદી છું. એટલું બોલી બાવાજી પોતાની વિચારતંદ્રામાં મગ્ન થઈ ગયા.

જેને આશા જ રહી ન હોય, આ મારું અને આ પારકું એવી ભાવના જ ન જાગે તેના મુખમંડલ ઉપર વૈરાગ્યનું તેજ સ્વાભાવિક રીતે ચળકવા માડે છે, એને જોતાની સાથે નતમસ્તક થઈ જવાય છે અને સમતા, આનંદ, શાંતિ વિગેરે સદ્‌ભાવના જાગી ઉઠે છે, એવા વૈરાગી આત્માના મુખથી જે શબ્દ નિકળે તે અમૃત ઝરતા હોય, આપણા હૃદયનો વેધ લેતા હોય, આપણા મનને સંતોષ અને સમાધાન થાય, એવી વાણી વારંવાર સાંભળવા મન લલચાય સાંભળનારા આત્માઓમાં સુખસમૃદ્ધિ વધે ત્યાં અશાંતિ. ક્રોધ કે દ્વેષ જેવા અવગુણોનું દર્શન પણ ક્યાંથી થાય? તેવા સંત કોઈ આજ્ઞા કરે તો તે ઉંચકી લેવા પડાપડી ચાલે, તેમની સેવા કરવા મળે એ દરેક જણ પોતાનું અહોભાગ્ય ગણે, તેમનો વૈરાગ્ય, તેમની સુધાવાણી અને તેમની વૈરાગ્યમય આચરણાથી તેમની કીર્તિની સુવાસ જગતમાં ફેલાતા વાર ન લાગે. તેમના દર્શન અને તેમની વાણી સાંભળવાની તાલાવેલી જાગે. અર્થાત્ જગના લોકો તેમના દાસ થાય, માત્ર શરત એટલી જ છે કે, તેમનામાં વૈરાગ્યની ભાવના પૂર્ણતયા જાગે અને આશાને એમણે પોતાની દાસી કરી લીધેલી હોય! માટે જ આપણે આશાને બની શકે તેટલી કાબૂમાં રાખવી જોઈએ, બધાઓને એવી સદ્‌ભાવનાનો લાભ મળે એ જ સદિચ્છા!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગે, **શંકા**—વસ્ત્રો ક્યારે ધોવા? **સમાધાન**—**अप्पत्तेच्चिअ वासे सव्वं उवहिं धुवंति जयणाए ॥ असईए दव्वस्स उ जहण्णओ पापनिज्जोगो ॥१॥** **ભાવાર્થ**—વર્ષાકાલ આવ્યા પહેલા જ પંદર દિવસની અંદર બધી ઉપધિ યતનાપૂર્વક ધોઈ નાખવી, ગરમ પાણી થોડું હોય તો જઘન્યથી પાત્રા, ઉપધિ, ઝોળી, પલ્લા ધોઈ નાખવા, જેથી ગૃહસ્થો ભિક્ષા આપતા જુગુપ્સા ન કરે. એ પ્રમાણે ઓઘનિર્યુક્તિ સૂત્રની ટીકામાં છે. વળી વસ્ત્ર ધોવાને માટે ગૃહસ્થના પાત્ર કુંડાદિકમાં મકાનના છાપરાનું પાણી ગ્રહણ કરે. જ્યારે મેઘ વર્ષાતે બંધ થાય ત્યારે ગ્રહણ કરેલા પાણીમાં ખાર નાખવો જેથી તે પાણી સચિત્ત ન થાય, વસ્ત્ર ધોયા પછી એક કલ્યાણ એટલે બે ઉપવાસનો પ્રાયશ્ચિત આપવો, આચારાંગ સૂત્રમાં જે "**न धोइज्ज**" ઇત્યાદિ પાઠ છે તે જિનકલ્પિકમુનિની અપેક્ષાએ જાણવું ॥૯૩॥

**પ્ર૦**—(૯૪) જો વસ્ત્રમાં જૂ ઉત્પન્ન થાય તો **વસ્ત્ર** ધોતી વખતે કઈ વિધિ કરવી?

ઉ૦—કપડામાં જૂ પડી ગઈ હોય તો વસ્ત્રની **અંદર** હાથ નાખીને બીજા વસ્ત્ર ઉપર જૂ ચડાવી દેવી, પછી વસ્ત્ર ધોવા, ઓઘનિર્યુક્તિ સૂત્રમાં કહ્યું **છે** કે "**जयणा संकामणा**" यतनया वस्त्रान्तरितहस्तेन अन्यस्मिन् वस्त्रे षट्पदीः संक्रामयंति ततो धावन्ति, અર્થ ઉપર આપેલ છે. ॥૯૪॥

**પ્ર૦**—(૯૫) સ્થંડિલ જતા કેટલા સાધુ ભેગા થઈને જાય અને કેટલું પાણી સાથે લે?

ઉ૦—શ્રી ઓઘનિર્યુક્તિમાં આ પ્રમાણે કહ્યું છે "**दो दो गच्छन्ति**" બે બે ભેગા મળીને જાય, એક એક ન જાય. તેમાં "**तिण्हट्ठुदवं तु घेत्तूण**" ત્રણ સાધુને માટે જેટલું પાણી જોઇએ તેટલું તે બે સાધુઓ લઇને જાય પરંતુ **સમશ્રેણિએ** બેસે નહિ ઇત્યાદિ વિસ્તારની ઇચ્છાવાલાએ ઓઘનિર્યુક્તિ જોવી, સ્થંડિલ જતી વખતે ગુદા પુંછવાને માટે ઇંટના ટુકડા અથવા વસ્ત્રના ડગલ(ટુકડા) સાથે લેવા, એ વાત બૃહત્કલ્પની ટીકામાં છે. ॥૯૫॥

**પ્ર૦**—(૯૬) સાધુઓ પરસ્પર કેટલા અંતરે સુવે અને પાત્રાથી કેટલા દૂર સુવે?

ઉ૦—ઉત્સર્ગપદે સાધુઓ બે હાથને અંતરે સુવે છે તે સિવાય અનેક પ્રકારના દોષનો સંભવ છે, તથા પાત્રાથી વીશ આંગલ દૂર સુવે છે, ઉંદર આદિકને અટકાવવાને માટે વધારે દૂર ન સુવે, ઇત્યાદિ આ વિષયનો ઘણો વિસ્તર ઓઘનિર્યુક્તિથી જાણવો. ॥૯૬॥

**પ્ર૦**—(૯૭) રસ્તામાં ચાલતા માર્ગ કોને પૂછવો?

ઉ૦—બાલ હોય, વૃદ્ધ હોય કે સ્ત્રી પુરુષ નપુંસકરૂપ હોય તેને માર્ગ ન પૂછવો, પરંતુ મધ્યમ વયવાલા બે પુરુષને માર્ગ પૂછવો. તેમાં પણ સાધર્મિક કે **ગૃહસ્થ** આ બેને પૂછવો, એના અભાવે અન્ય ધર્મીએ મધ્યમ વયવાલા પુરુષને પૂછવો, તે પણ ધર્મલાભપૂર્વક સુખશાંતિપૂર્વક પૂછવું. વૃદ્ધ હોય તે માર્ગને જાણે નહિ, બાળક હોય તે હાસ્ય કરે અથવા માર્ગને જાણે નહિ, નપુંસક અને સ્ત્રીને પૂછવામાં આવે તો બીજાને શંકા થાય, ત્યારે કેવી રીતે રહીને પૂછવું-**पासट्ठिओ पुच्छिज्जा वंदमाणं अवंदमाणं वा ॥ अणुवइऊण व पुच्छेज्जा तुण्हिक्कं नेव पुच्छेज्जा ॥५०॥** **ભાવાર્થ**—પાસે રહેલો માણુસ વંદન કરતો હોય તેને પૂછે, અથવા આ માણુસ પાસે થઇને ચાલ્યો જાય તો કેટલાક પગલા તેની પાછળ જઇને માર્ગ પૂછવો, પૂછવા છતાં કંઇપણ ન બોલે તો તેને પૂછવો નહી ॥૯૭॥

**પ્ર૦**—(૯૮) બીમાર સાધુની સેવા કરવામાં આ લોક સંબંધી યશ-પ્રાપ્તિ આદિ ગુણ દેખાય છે, તેવો પરલોક સંબંધી કોઇ ગુણ છે કે નહિ?

ઉ—પરલોક સંબંધી ગુણ છે જ તેને તીર્થંકરની ભક્તિ તુલ્ય કહેલ છે અને તીર્થંકરની ભક્તિ સ્વર્ગ અને મોક્ષનો કારણ છે. ઓઘનિર્યુક્તિ ટીકામાં લખ્યું છે કે "**गिलाणत्ति**" **साधुः कदाचित् तत्र ग्रामे प्रविष्टः इदं शृणुयात् यद् उत अत्र ग्लान आस्ते, ततश्च तत्परिपालनं कार्यं परिपालने च**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कथं न पारलौकिकगुणा इति ॥ **ભાવાર્થ**—કોઈક વખત સાધુએ ગામમાં પ્રવેશ કર્યો હોય અને આવું સાંભળે કે આ ગામમાં સાધુ બીમાર છે તો તેની સેવા કરવી જોઈએ, સેવા કરવામાં પરલોક સંબંધી ગુણો કેમ નથી ? છે જ. जो गिलाणं पडियरइ सो मं पडियरइ, जो मं पडियरइ सो गिलाणं पडियरइ त्ति" वचनप्रामाण्यात्. તથા શ્રી બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કે "जो गिलाणं पडियरइ से ममं नाणेणं दंसणेणं चरित्तेणं पडिवज्जइ इत्यादि भगवदाज्ञाऽऽराधनात्" **ભાવાર્થ**-જે માંદા સાધુની સેવા કરે છે, તે મારી સેવા કરે છે, અને જે મારી સેવા કરે છે તે માંદાની સેવા કરે છે-વચનના પ્રમાણિકતાથી; તેમજ શ્રી બૃહત્કલ્પની ટીકામાં કહ્યું છે કે-જે માંદા સાધુની સેવા કરે છે તે મને જ્ઞાન, દર્શન અને ચારિત્ર-વડે આરાધે છે ઇત્યાદિ ભગવાનની આજ્ઞા આરાધવી જોઈએ ॥૯૮॥

પ્ર—(૯૯) સુવિહિત સાધુ, પાસત્થા આદિ માંદા પડયા હોય તો તેમની સેવા કરે કે નહિ ?

ઉ—લોકનિંદા અટકાવવાને માટે અને પાસત્થા આદિને સન્માર્ગમાં લાવવાને માટે પોતાને ઉચિત કર્મ કરવું જ જોઈએ, જે માટે ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે—"एस गमो पंचण्हवि नीयाईणं गिलाणपडियरणे" ॥ फासुअकरणनिकायण कहणपडिक्कामणा गमणं ॥२२॥ संभावणे वि सद्दो देउलिय खरण्टजयण उवएसो ॥ अविसेसे निन्हगाण वि न एस अम्हं तओ गमणं ॥२३॥ तारे हि जयणाकरणं अमुगं आणेहऽकप्पजणपुरओ ॥ नवि एरिसिया समणा जणणाए तो अवक्कमणं ॥२४॥ **ભાવાર્થ**-આદિ શબ્દથી પાસત્થા અવસન્ન કુશીલ અને સંસક્તનું ગ્રહણ કરવું, નિત્યવાસ કરનારા એ પાંચેની સેવા કરવામાં જે વિધિ છે, તે જણાવે છે-શુદ્ધ આહારપાણીથી સેવા કરવી. અને પછી કહે કે સાજા થયા થયા પછી હું કહું એ પ્રમાણે તમારે કરવું જોઈએ, તેમજ તેની આગળ ધર્મકથા કરવી, પછી તે બીમાર તે પ્રમાદસ્થાનથી પાછો હઠે તો તેને સાથે લઈને જાય, અહિં अपि શબ્દ સંભાવના અર્થમાં છે. દેવમંદિરનું રક્ષણ કરનારા વેષ માત્ર ધારણ કરનારા હોય તે માંદા પડયા હોય તો તેની પણ સેવા કરવી 'खरंटत्ति'. તેમને ઠપકો આપે, ધર્મને વિષે ઉદ્યમ કરો એમ કહે "जयणत्ति" યતનાપૂર્વક સેવા કરે કે જેથી સંયમને લાંછન ન લાગે. અને તેમને ક્રિયા વિષયક ઉપદેશ આપે, તેમજ જે દેશમાં યતનાવડે સાધુ અને નિહ્નવનો ભેદ ન જણાય તે દેશમાં નિહ્નવોની પણ યતનાવડે સેવા કરે, જો તે બીમાર એમ કહે કે આ અમારા પક્ષનો નથી તો ત્યાંથી ચાલ્યા જાય, જો તે બીમાર એમ કહે કે મને આ મંદવાડમાંથી તારો તો યતનાવડે તેની સેવા કરવી, અમુક વસ્તુ લાવો એમ કહે તો લોકોની આગળ કહેવું કે આ વસ્તુ અકલ્પ્ય છે, સાધુ આવા હોતા નથી, લોકો સાધુ અને નિહ્નવનો ભેદ જાણી જાય તો ત્યાંથી ચાલ્યા જવું એ પ્રમાણે ઉપદેશમાલામાં પાસત્થા આદિની સેવા કરવાનું કહ્યું છે. વિશેષમાં એટલું કે વિપત્તિમાં આવેલ શ્રાવકની સેવા કરવાનું પણ ઉપદેશમાલાની ગાથામાં કહ્યું છે-हीणस्स वि सुद्धपरुवगस्स नाणाहियस्स कायव्वं ॥ जणचित्तग्गहणत्थं करेंति लिंगावसेसेऽवि ॥३४६॥ ओसन्नस्स गिहिस्स व जिणपवयणतिव्वभावियमइस्स॥ कीरइ जं अणवज्जं दढसंमत्तस्सऽवत्थासु ॥३५०॥ **ભાવાર્થ**-ભાવ ચારિત્ર રહિત શુદ્ધ પ્રરૂપણા કરનાર જ્ઞાન ગુણથી અધિક હોય તેની અને જેની પાસે ફક્ત વેષ રહેલ હોય તેની પણ સેવા કરે, જિનપ્રવચનથી તિવ્ર ભાવિત મતિવાળો અવસન્ન હોય કે દઢ સમ્યક્ત્વવાળો ગૃહસ્થ હોય તેની પણ મંદવાડમાં નિર્દોષપણે સેવા કરે ॥૯૯॥

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુગ્ધમેધાકરાલંકાર અને એનાં જલ્પકલ્પલતા ઈત્યાદિ ભાંડુઓ

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન સાહિત્ય એ એની વિપુલતા, વિવિધતા અને વરેણ્યતાને લઈને કેવળ આપણા આ ભારતવર્ષમાં જ નહિ પણ અન્યત્ર પણ આવકારને અને સન્માનને પાત્ર બન્યું છે. એ સાહિત્ય પ્રાચીન સમયની સંસ્કૃત, પાઇય અને દ્રાવિડ ભાષામાં તેમજ ગુજરાતી વગેરે પ્રાદેશિક ભાષાઓમાં તથા અંગ્રેજી વગેરે વિદેશી ભાષાઓમાં પણ રચાયેલું છે. પાઇય ભાષામાં ગુંથાયેલી કૃતિઓનો પરિચય મેં **પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય** નામના મારા પુસ્તકમાં આપ્યો છે. એ પુસ્તક મુનિશ્રી યશોવિજયજીને પસંદ પડતાં, **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** નામનું પુસ્તક તૈયાર કરાવવા એમણે "શ્રી મુક્તિકમળ જૈન મોહનમાળા"ના કાર્યાધિકારીને પ્રેરણા કરી હતી અને એમના ગુરુ શ્રી વિજયધર્મસૂરિજીએ એ બાબત પોતાની સંમતિ દર્શાવી હતી. એને લઈને આ કાર્ય મને તા. ૬-૮-'૫૨ ના રોજ સોંપવામાં આવ્યું હતું અને મેં મારું તમામ લખાણ (જે ત્રણ વિભાગમાં પ્રકાશિત કરવાનું નક્કી કરાયું છે તે) તા. ૧૬-૧૨-'૫૩ ને રોજ એ કાર્યાધિકારીને પહોંચતું કર્યું હતું. આજે થોડો વખત થયા પ્રથમ [1]વિભાગ તરીકે સાર્વજનીક અને બિનસાંપ્રદાયિક (Secular) સાહિત્ય પ્રકાશિત થયું છે એમાં મેં નીચે મુજબના પંદર વિષયોને લગતી પ્રકાશિત તેમજ કેટલીક અપ્રકાશિત કૃતિઓનો સમય, સાધન અને શક્તિ અનુસાર પરિચય આપ્યો છે; અને એમાં જે ક્ષતિઓ કે ત્રુટિઓ જણાય, તે સૂચવવા વિશેષજ્ઞોને સાદર વિજ્ઞપ્તિ કરી છે, પરંતુ હજી સુધી તો કોઈએ મને કશી સ્પષ્ટ ક્ષતિ સૂચવી નથી:-

(૧) વ્યાકરણ, (૨) કોશ, (૩) છન્દ, (૪) અલંકાર, (૫) નાટ્યશાસ્ત્ર, (૬) સંગીત, (૭) કામશાસ્ત્ર, (૮) સ્થાપત્ય, (૯) મુદ્રાશાસ્ત્ર, (૧૦) ગણિત, (૧૧) નિમિત્ત (જ્યોતિષ ઈત્યાદિ), (૧૨) વૈદ્યક, (૧૩) પાકશાસ્ત્ર, (૧૪) વિજ્ઞાન અને (૧૫) નીતિ.

પ્રથમ વિભાગની નકલો બંધાતી હતી તેવામાં મુનિશ્રી જયસાગરજીએ આચાર્ય કંકાલયે રચેલા **રસાધ્યાય** ઉપરની **મેરુતુંગસૂરિકૃત** વાર્તિક તરફ મારું લક્ષ્ય ખેંચ્યું હતું. એનો પરિચય આપવો રહી ગયેલો જણાતાં મેં એ ત્રુટિ નિમ્નલિખિત લેખ લખી દૂર કરી છે.

"રસાધ્યાય કિંવા કંકાલાધ્યાય અને મેરુતુંગસૂરિકૃત સંસ્કૃત વાર્તિક (વિ. સં. ૧૪૪૩)"

મારો આ લેખ અહીંથી (સુરતથી) પ્રસિદ્ધ થતા [1]"ભિષગ્ભારતી"(વર્ષ ૫, અંક ૧૦)માં છપાયો છે.

હમણાં રત્નમંડન ગણિકૃત **નારીનિરાસફાગ** માટે **પ્રાચીન ફાગુ-સંગ્રહ** જોતાં મુગ્ધમેધાકરાલંકાર અને **જલ્પકલ્પલતા** તરફ મારું સહજ લક્ષ્ય ખેંચાયું. એને લઈને હું આજે આ લેખ લખવા પ્રેરાયો છું.

### મુગ્ધમેધાકરાલંકારનાં વિવિધ નામો-

એક જ કૃતિમાં કોઈ કોઈ વાર વિવિધ નામો હોય છે, એમાં વાસ્તવિક નામ કયું છે તે નક્કી કરવું કેટલીક વાર મુશ્કેલ થઈ પડે છે. તેમાં એ જ્યારે ગ્રન્થકારે પોતે એ નામ પોતાની કૃતિમાં જણાવ્યું ન હોય અને એની પુષ્પિકામાં ભિન્ન ભિન્ન રીતે દર્શાવાયેલું હોય ત્યારે આ પ્રશ્ન વિકટ બને છે. **મુગ્ધમેધાકરાલંકાર** અપ્રકાશિત છે, અને એની

૧ દ્વિતીય અને તૃતીય વિભાગનાં પ્રકરણોનાં નામ પ્રથમ વિભાગના પૂઠા ઉપર રજૂ કરાયાં છે. ત્રણે વિભાગમાં એકંદર સાડત્રીસ પ્રકરણો છે.

૧. આ માસિક (વ. ૫, અં. ૭)માં 'યોગરત્નાકર ચોપાઇ (વિ. સં. ૧૭૩૬)' નામનો મારો લેખ છપાયો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકે હાથપોથી મને જોવા મળી નથી. આ પરિસ્થિતિમાં આ કૃતિનાં નામો જે મને એક યા બીજા સાધનદ્વારા જાણવા મળ્યાં છે તે હું અહીં રજૂ કરું છું.

"ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિર"માં મુંબઈ સરકારની માલિકીની લગભગ ૨૫૦૦૦ હાથપોથીઓ છે. એમાં જૈન સાહિત્યની પાંચેક હજાર છે. આ તમામ જૈન હાથપોથીઓનું વર્ણાત્મક સૂચીપત્ર તૈયાર કરવાનું કામ મેં હાથ ધર્યું ત્યાર બાદ વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર ઇત્યાદિ સાર્વજનીક વિષયોને લગતી હાથપોથીઓનું કાર્ય મારે કરવાનું નથી એમ નક્કી થયું, અને લઇને પ્રસ્તુત કૃતિ અને એની હાથપોથીના પરિચયને Descriptive Catalogue of Jaina Manuscripts નામનું જે [1]લખાણ મેં આજે ત્રીસેક વર્ષ ઉપર પૂરેપૂરું તૈયાર કર્યું તેમાં સ્થાન અપાયું નથી, પરંતુ એ બાબત અલંકાર, સંગીત અને નાટ્યને લગતા Descriptive Catalogue of the Government Collections of Manuscripts (Vol. XII)માં ઉપર્યુક્ત સંસ્થાના ક્યુરેટર શ્રી ગોડેએ રજૂ કરી છે. એમાં પૃ. ૧૨૧માં **મુગ્ધમેધાકરાલંકાર** એવું નામ અપાયું છે. અને પૃ. ૨૨૨ માં આ કૃતિની વૃત્તિનું નામ **મુગ્ધમેધાલંકારવૃત્તિ** અપાયું છે. આ નામો આ બે કૃતિઓની નિમ્નલિખિત પુષ્પિકાઓને અનુક્રમે આભારી જણાય છેઃ—

"इति मंडनांको मुग्धमेधाकरो(ऽ)—लंकारः ॥ छ ॥ पंडितप्रकांड पं० रत्नमंडनगणि-पुंगवैर्विहितः स्वपरोपकाराय ॥ शुभं भवतु श्रीसंघस्य" "इति मुग्धमेधालंकारवृत्तौ ॥ श्रीकल्याणं ॥"

ઇ. સ. ૧૯૪૪ માં પ્રકાશિત **જિનરત્નકોશ**—(વિભાગ ૧, પૃ. ૩૧૦)માં "મુગ્ધમેધાકર અલંકાર" નામ અપાયું છે.

"જૈન સત્ય પ્રકાશ"(વર્ષ ૧૨, અં. ૫–૬)માં શ્રી અંબાલાલ પ્રેમચંદ શાહે **મુગ્ધમેધાલંકાર** નામ રજૂ કર્યું છે અને **પ્રાચીન ફાગુ-સંગ્રહને** અંગેના "કૃતિપરિચય અને પ્રતિપરિચય"(પૃ. ૧૭)માં ડૉ. **સાંડેસરા** એમને અનુસર્યા છે.

DCGCM (Vol. XVIII, Pt. I, P. 320, For. I) માં મેં **મુગ્ધમેધાકરાલંકાર** નામ નોંધ્યું છે.

આમ જે નીચે મુજબ ત્રણ નામ જોવાય છે તે પૈકી **મુગ્ધમેધાકર અલંકાર** નામ સમુચિત જણાતું નથીઃ—

મુગ્ધમેધાલંકાર, મુગ્ધમેધાકર અલંકાર અને મુગ્ધમેધાકરાલંકાર પુષ્પિકા વગેરે વિચારતાં હું **મુગ્ધમેધાકરાલંકાર** નામને પ્રથમ પસંદગી આપું છું. અને એથી તો આ લેખના શીર્ષકમાં મેં એ નામ રાખ્યું છે. આ પરિસ્થિતિમાં એ તપાસ થવી ઘટે કે રત્નમંડન ગણિએ કે અન્ય કોઈ પ્રાચીન ગ્રંથકારે પોતાના કોઈ ગ્રંથમાં આ કૃતિનું નામ દર્શાવ્યું છે કે કેમ અને દર્શાવ્યું હોય તો કયું?

**નામાંશનું સામ્ય**—પ્રસ્તુત કૃતિના નામમાંનો પ્રથમ અંશ જે 'મુગ્ધ' છે તે કુલમંડનસૂરિએ વિ. સં. ૧૪૫૦ માં રચેલા **મુગ્ધાવબોધ ઔક્તિકનું** સ્મરણ કરાવે છે.

**હાથપોથીઓ**—**મુગ્ધમેધાકરાલંકારની** એક હાથપોથી ભાં. પ્રા. સં. મં.માં, એક અમદાવાદના ડહેલાના ઉપાશ્રયના ભંડારમાં અને [2]ચાર અહીંના (સુરતના) જૈનાનંદ પુસ્તકાલયમાં છે.

**અંક અને પરિમાણ**—પ્રસ્તુત કૃતિ એનું અંતિમ પદ્ય અને એની પુષ્પિકા જોતાં 'મંડન'

1 આ સમગ્ર લખાણ ખંડ ૧૭–૨૦ એમ ચાર ખંડમાં વિભક્ત કરાયું છે. ૧૭ મા ખંડના પાંચે ભાગ તેમજ ૧૮ મા અને ૧૯ માનો પણ પહેલો ભાગ અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયા છે. ૧૯ માનો બીજો ભાગ છપાય છે. એ પ્રસિદ્ધ થતાં ૧૯ મો ખંડ પૂર્ણ થશે. ૧૮ માના તેમજ વીસમાના ચચ્ચાર ભાગો હજી છપાવવા બાકી છે.

2 આ ચાર હાથપોથીઓમાં મૂળ ઉપરાંત અજ્ઞાતકર્તૃક વૃત્તિને પણ સ્થાન અપાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંકથી અંકિત છે. એ પદ્યાત્મક રચના છે. અને એમાં ૫૪ પદ્યો છે.

ઉદ્ધરણ–DCGCM ( Vol. XII. pp. 221–222 )માં આ કૃતિનાં પ્રારંભમાં બે પદ્યો અને અંતમાંનું એક પદ્ય અપાયાં છે. આ ત્રણ પદ્યો નીચે મુજબ છેઃ–

"वर्ण्ये वर्णादिभिस्तुल्यं वस्तु वीक्ष्योपमादिभिः।
औचित्यैकादितद्धर्मानादायार्थं सुधीः सृजेत् ॥१॥
उपमारूपकोत्प्रेक्षाऽपह्नुतिभ्रान्तिसंशयाः ।
स्मृत्याक्षेपव्यतिरेकाः सामान्योन्मीलिते च ते ॥२॥
मो(?मौ)लचन्द्रमतल्लिका वलवभूमष्यःशिखाग्रे सरा–
ग्रण्यो मङ्गलकूपशेखरघटादामानि रत्नं वरः ।
शङ्कुः कन्दरमञ्जरीमदमहद्यीचीन्द्रमित्यादिक–
श्लाघार्थध्वनिगर्भगुम्फसुभगं काव्यं मुखे मण्डनम् ।५४।

વિષય–પ્રસ્તુત કૃતિ કાવ્યશાસ્ત્રને લગતી છે. એનો ઉધ્ધૃત ભાગ જોતાં એમાં ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, અપહ્નુતિ, ભ્રાન્તિ, સંશય, સ્મૃતિ, આક્ષેપ, વ્યતિરેક ઇત્યાદિ અલંકારોનું નિરૂપણ હશે એમ લાગે છે. આ નિરૂપણ મુગ્ધજનોને બોધ કરાવનારું–એમની બુદ્ધિને વિકસાવનારું થઇ પડે તેવું હશે. પ્રશંસાદિ વાચક શબ્દોને પણ સ્થાન અપાયું છે. આમ આ કૃતિ સ્વપરના ઉપકારની ગરજ સારે તેમ છે.

વૃત્તિ–કોઇકે આ કૃતિ ઉપર સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એની એક હાથપોથી ભાં. પ્રા. સં. મં.માં છે, અને ચાર જૈનાનન્દ પુસ્તકાલયમાં છે.

પ્રણેતા–મુગ્ધમેધાકરાલંકારના પ્રણેતા રત્નમંડન ગણિ છે. એમણે જલ્પકલ્પલતા, સંવાદસુન્દર, સુકૃતસાગર, નારીનિરાસફાગ તેમજ નેમિનાથ નવરસફાગ એમ વિવિધ કૃતિઓ રચી છે.

જલ્પકલ્પલતા–આ ત્રણ સ્તબકમાં વિભક્ત કરાયેલી સંસ્કૃત કૃતિ છે. વાદીદેવસૂરિના એક શિષ્ય નામે માણિક્ય અને એક નૈયાયિક નામે શંકર જે વારાણસીનો નિવાસી હતો તે બે વચ્ચેના વાદવિવાદરૂપે એ રચાઇ છે. એમાં ન્યાય, વ્યાકરણ અને કાવ્યશાસ્ત્ર(અલંકાર)ને સ્થાન અપાયું છે. આ કૃતિ દે૦ લા૦ જૈ૦ પુ૦ સંસ્થા તરફથી ઇ. સ. ૧૯૧૨ માં પ્રકાશિત કરાઇ છે. એમાં પત્ર ૧૬ આ. ૧૭ આમાંના લખાણને અંગે નીચે મુજબના આઠ આકારચિત્રોને લગતું એકેક ચિત્ર છે.

છત્ર, ધનુષ્ય, મશાલ, ભલ્ల (ભાલો), વજ્ર, જલ–કમલ, સ્થલ–કમલ, અને જલ–પદ્મ.

આ છત્રાદિ બંધને લગતાં જે ઉદાહરણો છે તે ગદ્યાત્મક છે, નહિ કે [1] પદ્યાત્મક. એ હિસાબે તો એ આશ્ચર્યકારક ઘટના ગણાય, કેમકે આવાં અન્ય ઉદાહરણો હજી સુધી તો મારા જોવા–જાણવામાં નથી. (ચાલુ)

---

૧ પદ્યાત્મક સંસ્કૃત ઉદાહરણો પૈકી ઘણાંખરાં (૨૮૯ પદ્યો) ૭૨ ચિત્રો સહિત મારા લેખ નામે "Illustrations of Letter–diagrams"માં મુંબઇ વિદ્યાપીઠના સામયિકમાં(Arts Nos.29–31) માં છપાયા છે અને થોડાંક (આઠ પદ્યો) Gujarati Illustrations of Letter–diagrams નામના મારા લેખમાં છપાયાં છે. આ બીજા લેખમાં ગુજરાતી એકાવન ઉદાહરણો તેર ચિત્રો સહિત અપાયાં છે. એ લેખ "ચુનીલાલ વિદ્યાભવન"ના વાર્ષિકમાં છપાયા છે.


## બાર વ્રતની પૂજા અર્થ–સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા–અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી–મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખોઃ–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


પવિત્ર પર્યુષણ પર્વમાં આરાધના માટે અતિ ઉપયોગી પ્રકાશનો

## ૧. અક્ષયનિધિ તપ વિધિ

પર્વાધિરાજ પર્યુષણને લગતાં દિવસોમાં આ તપનું સારી સંખ્યામાં આરાધન કરવામાં આવે છે કારણ વદ ચોથથી શરૂ કરીને ભાદરવા સુદિ ચોથ એટલે કે સંવત્સરીના દિવસે આ તપની પૂર્ણાહુતિ કરવામાં આવે છે. આ પુસ્તકમાં અક્ષયનિધિ તપની સંપૂર્ણ વિધિ, ચૈત્યવંદન, સ્તવન, પૂજાની ઢાળ, ખમાસમણના દુહા, અક્ષયનિધિ તપનું મોટું સ્તવન તથા છન્દો, આ તપથી મનવાંછિત સિદ્ધિ પ્રાપ્ત કરનાર સુંદરીની રસિક કથા વિગેરે પણ આપવામાં આવેલ છે.

મૂલ્ય આઠ આના

વિશેષ નકલો મગાવનારે પત્રવ્યવહાર કરવો-લખો:--શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

## ૨. વિધિ સહિત પાંચ પ્રતિક્રમણ સૂત્ર

પ્રતિક્રમણ સૂત્રો નહીં જાણનાર તેમજ પ્રતિક્રમણની વિધિથી અજાણ ભાઈ-બહેનો માટે આ પુસ્તક અતિ ઉપયોગી છે.

આ પુસ્તક વાંચી જવાથી આપોઆપ પ્રતિક્રમણ થઈ શકે તેવી પદ્ધતિથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વાંચતા જાવ અને પ્રતિક્રમણ થતું જાય. ભવીજીવોએ તુરત જ આ પુસ્તક મંગાવી લેવું. મૂલ્ય માત્ર રૂપિયા બે.

લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

## પ્રભાવિક પુરૂષો : : ભાગ ત્રીજો

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

શ્રીયુત ચોકસીની સર્વને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્ભૂત રસ મળે છે. શ્રદ્ધાના નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણસો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો :—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible]

## [illegible] યોગ્ય સુંદર પુસ્તકો

| | |
|---|---|
| અર્હત્કાવ્યકૌમુદી | ૨-૦-૦ |
| શ્રી આનંદઘનજીનું દિવ્ય-જિનમાર્ગદર્શન | ૧-૮-૦ |
| શ્રી આનંદઘનજીનાં પદો (વિવેચન સહિત) | ૭-૮-૦ |
| ચોસઠ પ્રકારી પૂજા (અર્થ તેમજ પચીશ કથા સહિત) | ૩-૦-૦ |
| અધ્યાત્મકલ્પદ્રુમ (વિસ્તૃત વિવેચન સહિત) | ૬-૪-૦ |
| આદિનાથ ચરિત્ર | ૧-૮-૦ |
| કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ |
| જૈનકથા રત્નકોશ ભાગ છઠ્ઠો | ૩-૦-૦ |
| ઉપમીતી ભવપ્રપંચા કથા ભાષાંતર ભાગ ૧ લો | ૫-૦-૦ |
| ,, ભાગ ૩ જો | ૫-૦-૦ |
| ,, ભાગ ૪ થો (સિદ્ધર્ષિ) | ૫-૦-૦ |
| ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧-૨ | ૬-૦-૦ |
| ,, પર્વ ૩-૬ | ૫-૦-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો | ૩-૮-૦ |
| ભાગ ૩ જો | ૩-૦-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૨-૦-૦ |
| વીસસ્થાનક તપવિધિ | ૨-૮-૦ |
| દેવવંદનમાળા | ૨-૪-૦ |
| ધન્ના શાલિભદ્રનો રાસ | ૦-૧૨-૦ |
| યુરોપનાં સંસ્મરણો | ૧-૮-૦ |
| શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| સ્નાત્રકળશાદિ સંગ્રહ | ૨-૦-૦ |
| હેમચંદ્રાચાર્ય ચરિત્ર | ૦-૧૨-૦ |
| જ્ઞાનપ્રદીપ | ૩-૦-૦ |
| શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ ૮ | ૧-૬-૦ |
| ,, ભાગ ૯ | ૧-૮-૦ |
| પ્રશ્નાવબોધ મોક્ષમાળા | ૨-૮-૦ |
| દાનધર્મ પંચાચાર | ૧-૦-૦ |
| જ્ઞાનસાર (વિવેચન સહિત) | ૨-૦-૦ |
| પ્રાકૃત ભાષા અને સાહિત્ય | ૬-૦-૦ |
| પ્રભાવિક પુરુષો ભા. ૩ જો | ૩-૮-૦ |
| તાત્ત્વિક લેખસંગ્રહ | ૨-૦-૦ |
| જૈનદૃષ્ટિએ યોગ | ૨-૮-૦ |
| અષ્ટક પ્રકરણ | ૦-૧૨-૦ |
| આગમસારોદ્ધાર | ૦-૧૨-૦ |
| કચ્છ-ગિરનારની મહાયાત્રા | ૧-૮-૦ |
| જૈન ઐતિહાસિક રાસમાળા | ૧-૦-૦ |
| દંડક તથા લઘુસંગ્રહણી | ૧-૦-૦ |
| નવસ્મરણ | ૦-૧૨-૦ |
| વિધિ સહિત પંચપ્રતિક્રમણ | ૨-૦-૦ |
| બે પ્રતિક્રમણ સૂત્ર (અર્થ તેમજ ભાવાર્થ સહિત) | ૧-૮-૦ |
| પ્રાકૃત વ્યાકરણ | ૨-૦-૦ |
| સ્યાદ્વાદમંજરી | ૩-૦-૦ |
| સિદ્ધાંતમુક્તાવલી | ૧-૦-૦ |
| પ્રકરણાદિગર્ભિત વિચાર | ૧-૪-૦ |
| માનવ જીવનનું પાથેય | ૦-૮-૦ |
| ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા | ૨-૦-૦ |
| યુગાદિ દેશના | ૦-૧૨-૦ |

### પ્રતાકાર

| | |
|---|---|
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (મૂળ, ટીકા ને ટીકાનો અર્થ) | ૧૦-૦-૦ |
| વર્ધમાન દેશના ભા. ૨ | ૩-૦-૦ |
| આચારપ્રદીપ | ૩-૦-૦ |

લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ :: સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only